# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 22/07/2025** **Morning : 7.10 to 7.20**
**Day : TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હર્ષ લેઉઆ** વાંચે છે.

---

1. **સુરત એરપોર્ટ પરથી C.I.S.F.એ દુબઇથી આવેલા બે મુસાફરો પાસેથી 28 કિલો સોનાની પેસ્ટ ઝડપી.**
2. **પરીક્ષા પેપર લીક કેસમાં અમદાવાદની C.B.I. કોર્ટે આઠ ભૂતપૂર્વ રેલવે કર્મચારીઓને પાંચ વર્ષની કેદ અને દરેકને પાંચ લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો.**
3. **છેલ્લા અગિયાર વર્ષથી ડબલ એન્જિન સરકાર ગુજરાતને વિશ્વના ફલક પર વિકાસના ક્ષેત્રમાં અગ્ર હરોળમાં લઇ ગઇ હોવાનું જણાવતાં મુખ્યમંત્રી.**
4. **આજે અમૂલ ફેડરેશનના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષની ચૂંટણી યોજાશે.**
5. **ગુજરાતની કેરીના સ્વાદનો દુનિયાભરના લોકોને ચસ્કો લાગતાં કેરીની નિકાસ વધી.**

-----------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# SURAT GOLD SEIZED CISF

સુરત એરપોર્ટ પર CISF વિજિલન્સ ટીમના ઇનપુટ્સથી 28 કિલો સોનાની પેસ્ટ જપ્ત કરવામાં આવ્યો છે. સુરત એરપોર્ટ પર 20 જુલાઈ 2025ના રોજ, CISFના ગુપ્તચર સ્ટાફે દુબઈથી આવતા બે મુસાફરોની તેમના શંકાસ્પદ વર્તનના આધારે તપાસ કરી હતી.

મુસાફરો વિશે બાતમી કસ્ટમ અધિકારીઓને મોકલવામાં આવી હતી. આ ચેતવણીના આધારે, કસ્ટમ્સે બંનેને અટકાવ્યા અને તેમની સંપૂર્ણ તપાસ કરતા તેમના શરીર પર છુપાવવામાં આવેલ આશરે 28 કિલો સોનાની પેસ્ટનો મોટો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. કસ્ટમ્સ દ્વારા વધુ તપાસ માટે જપ્ત કરાયેલ સોનું કસ્ટડીમાં લેવામાં આવ્યું છે.

---

# GYAN SETU SCHOLARSHIP SCHEME

સરકારી અથવા અનુદાનિત પ્રાથમિક શાળામાં ધોરણ 1થી 5માં અભ્યાસ કરનાર બાળકોને ધોરણ 6થી 12 માટે મુખ્યમંત્રી જ્ઞાન સેતુ મેરિટ સ્કોલરશિપ યોજના અંતર્ગત સહાય આપવામાં આવે છે. આ યોજના હેઠળ દર વર્ષે પરીક્ષા મારફત 30 હજાર પ્રતિભાશાળી વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવે છે.

પસંદગી પામેલ સરકારી અથવા ગ્રાન્ટ-ઇન-એઇડ શાળાઓના વિદ્યાર્થીઓને ધોરણ 6-12 માટે વાર્ષિક પાંચથી સાત હજાર રૂપિયા જ્યારે ખાનગી શાળાઓના વિદ્યાર્થીઓને 20 હજાર થી 25 હજારની સુધીની સહાય મળે છે. આ રકમ DBT દ્વારા

સીધી વિદ્યાર્થીઓ અથવા તેમના માતાપિતાના ખાતામાં ટ્રાન્સફર થાય છે તેમ જ્ઞાન શક્તિ રેસિડેન્શિયલ સ્કૂલના આચાર્ય હાર્દિક જોષીએ જણાવ્યું હતું..

**બાઇટ- હાર્દિક જોષી. આચાર્ય**

---

## SNR MC APP

સુરેન્દ્રનગર મહાનગરપાલિકા દ્વારા તાજેતરમાં **Our Surendrangar App** અને **SNMC Employee App** લોંચ કરવામાં આવી છે.

આ એપ દ્વારા નાગરિકોના સમયનો બચાવ થશે અને તમામ અધિકારીઓના સંપર્ક નબર સહિત તમામ પ્રકારની  સમસ્યા અંગે ફરિયાદની સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે , જ્યારે આગામી દિવસોમાં આજ એપ્લિકેશનમાં જ ઑનલાઇન વેરા ભરી શકશે અને સમયંતરે એપ્લિકેશન અપડેટ પણ કરવામાં આવશે,તેમ  સુરેન્દ્રનગર મહાનગરપાલિકા કમિશનર નવનાથ ગ્વાહણેએ જણાવ્યું હતું.

**બાઈટ નવનાથ ગ્વાહણે, કમિશનર મહાનગરપાલિકા, સુરેન્દ્રનગર**

---

## CBI SENTENCE

પરીક્ષા પેપર લીક કેસમાં સીબીઆઈ કોર્ટે આઠ ભૂતપૂર્વ રેલવે કર્મચારીઓને પાંચ વર્ષની કેદ અને દરેકને પાંચ લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો છે.

અમદાવાદના સીબીઆઈ કેસોના ખાસ ન્યાયાધીશે ગુનાહિત કાવતરું , ચોરી, અપ્રમાણિક રીતે ચોરાયેલી મિલકત મેળવવા અથવા જાળવી રાખવાના ગુના , ગુનાના પુરાવા ગાયબ કરવા , સામાન્ય ઈરાદાને આગળ વધારવામાં ગુનો કરવા અને ગુનાહિત ગેરવર્તણૂક કરવાના કેસમાં 8 આરોપીઓને દોષિત ઠેરવ્યા અને પાંચ વર્ષની સાદી કેદની સજા ફટકારી તેમજ દરેકને રૂ. 5 લાખનો દંડ ફટકારતો ગઇકાલે આદેશ કર્યો હતો.

---

# CM ASMITA SANMAN SAMARABH

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 'વિકાસ ભી, વિરાસત ભી'ના મંત્રથી ગુજરાતની અણમોલ વિરાસતને દુનિયાભરમાં ઉજાગર કરી હોવાનું મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું.

તેમણે ઉમેર્યું હતું કે છેલ્લા અગિયાર વર્ષથી ડબલએન્જિન સરકાર ગુજરાતને વિકાસના ક્ષેત્રમાં અગ્ર હરોળમાં લઇ ગયું છે. એક ખાનગી પ્રાદેશિક ચેનલ દ્વારા આયોજીત 'અસ્મિતા સન્માન પુરસ્કાર 2025' કાર્યક્રમમાં વિવિધ ક્ષેત્રે વિશિષ્ટ યોગદાન આપનારા અને અનેરી સિદ્ધિઓ હાંસલ કરનારા 9 મહાનુભાવોનું સન્માન કરવામાં આવ્યું હતું.

વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરીની ઉપસ્થિતિમાં યોજાયેલા આ સંમાન સમારંભમાં શિક્ષણ ક્ષેત્રે પંચમહાલની નવી નદીસર સરકારી પ્રાથમિક શાળાના આચાર્ય રાકેશ પટેલ, લોકસાહિત્ય ક્ષેત્રે પ્રશાંત કેદાર જાદવ, સાહિત્ય ક્ષેત્રે કવિ રાજેન્દ્ર શુકલ, સમાજ સેવા ક્ષેત્રે સુરેશ આહીર, ખેલકૂદ ક્ષેત્રે રસિકભાઈ, સંગીત ક્ષેત્રે ભૂમિ

ત્રિવેદી, મનોરંજન ક્ષેત્રે સિધ્ધાર્થ રાંદેરીયા, વ્યાપાર ક્ષેત્રે પારુ જયકૃષ્ણ અને ફોરેન્સિક સાયન્સ ક્ષેત્રે પદ્મશ્રી ડૉ. જે. એમ. વ્યાસનું સન્માન કરાયું હતું.

---

# HIGHWAY ROAD REPAIR - SAMIKSHA

રાજ્યના આરોગ્ય મંત્રી અને આણંદ જિલ્લાના પ્રભારી મંત્રી ઋષિકેશ પટેલના અધ્યક્ષસ્થાને આણંદ જિલ્લામાં આવેલ બ્રિજની ચકાસણી તથા આપત્તિ વસ્થાપન અને ભારે વરસાદને કારણે ખરાબ થયેલ રોડ-રસ્તાઓના દૂરસ્તી કામ અંગેની સમીક્ષા બેઠક યોજાઈ હતી.આ બેઠકમાં જિલ્લા કલેકટર દ્વારા આણંદ જિલ્લામાં આવેલ બ્રિજ તથા રોડ - રસ્તા પર ભારે વરસાદના કારણે થયેલ નૂકશાની તથા રોડ દુરસ્તીની નિયત સમયમાં કરવામાં આવેલ મરામતની કાર્યવાહીની માહિતી અપાઈ હતી.

રાજ્યમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ દ્વારા રાષ્ટ્રીય ધોરીમાર્ગો પર નુકસાન પામેલા માર્ગોને રિપેર કરવાની કામગીરી પ્રગતિ હેઠળ છે. જે અંતર્ગત રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ, અમદાવાદ દ્વારા અમદાવાદ શહેર-જિલ્લામાંથી પસાર થતા સરખેજ-ગાંધીનગર હાઇવેના માર્ગો પર જરૂરિયાત અનુસાર પેચવર્કની કામગીરી કરવામાં આવી હતી.

તો રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ , રાજકોટ ડિવિઝન દ્વારા ધોરાજી-જામકંડોરણા ધોરીમાર્ગ પર પેચવર્ક કરવામાં આવ્યું હતું.

છોટાઉદેપુર જિલ્લાના જેતપુરપાવી તાલુકાના ડુંગરવાંટ - જાંબુધોડા રોડ અને જેતપુર- કદવાલ રોડ પર ભારે વરસાદના કારણે ક્ષતિગ્રસ્ત થયેલા માર્ગ પરપેચવર્ક કરી વાહનવ્યવહાર માટે સુગમ બનાવવા માટેની કામગીરી કરવામાં આવી રહી છે.

---

# AMUL ELECTION

અમૂલ બ્રાન્ડ હેઠળ દૂધ અને દૂધની બનાવટોનું માર્કેટિંગ કરતા **G.S.M.M.F. –** અમૂલના ચેરમેન અને વાઇસ ચેરમેનપદ માટે આજે ચૂંટણી યોજાશે. જો કે **G.S.M.M.F.** - અમૂલમાં ચેરમેન અને વાઇસ ચેરમેનના પદ માટે ઇલેકશનના બદલે સિલેકશનની પરંપરા ચાલતી આવી છે. જેના પગલે **90** હજાર કરોડ રૂપિયાનું વાર્ષિક ટર્નઓવર ધરાવતી અમૂલ બ્રાન્ડ હેઠળ માર્કેટિંગ કરતાં **G.S.M.M.F.**ના સુકાનીનુ આજે સિલેક્શન કરાશે..

અમૂલ-ફેડરેશનના ચેરમેન અને વાઇસ ચેરમેનની ચૂંટણીમાં ફેડરેશનના સભ્ય સંઘો એવા ગુજરાતના ૧૮ ડેરી સંઘોના ચેરમેન, **G.S.M.M.F.**ના મેનેજિંગ ડિરેક્ટર અને જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા મત આપવામાં આવે છે. જેમાં ડેરી સંઘોના દૂધના ધંધાના આધારે મત નક્કી થાય છે.

---

# WEATHER

રાજ્યમાં આગામી 27 જુલાઇ સુધી વરસાદની આગાહી કરવામાં આવી છે. અનેક વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. **25** જુલાઈ સુધી ગાજવીજ સાથે **40**થી **60** કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની પણ શક્યતા હવામાન વિભાગના વડા એ કે દાસે દર્શાવી છે.

## બાઇટ- એ કે દાસ, વડા, હવામાન વિભાગ

---

# NATIONAL MANGO DAY

આજે રાષ્ટ્રિય કેરી દિવસ છે ત્યારે ગુજરાત કેરીના ઉત્પાદન , વપરાશ અને તેની નિકાસના ક્ષેત્રમાં અગ્રેસર છે.. ગુજરાતની કેરીએ સ્થાનિક બજારોની સીમાઓ વટાવીને આંતરરાષ્ટ્રીય બજારોમાં ધૂમ મચાવી રહી છે.

પ્રસ્તુત છે એક વિશેષ અહેવાલ

## વોઇસ કાસ્ટ – નિકિતા શાહ

ગુજરાતના કેરી ઉત્પાદક ખેડૂતો દ્વારા રાજ્ય સરકારના પ્રોત્સાહનથી વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન કુલ ૮૫૬ મેટ્રિક ટનથી વધુ કેરીની નિકાસ કરવામાં આવી છે. એટલું જ નહીં , વર્ષ ૨૦૧૯-૨૦ થી ૨૦૨૪-૨૫ સુધીના ગત પાંચ વર્ષના ગાળામાં રાજ્યમાંથી કુલ ૩ ,000 મેટ્રિક ટનથી વધુ કેરીની અમેરિકા અને દક્ષિણ આફ્રિકા સહિતના વિવિધ દેશોમાં નિકાસ કરવામાં આવી છે.

આજે ગુજરાતમાં બાગાયતી ફળ-ફૂલ પાકના કુલ ૪.૭૧ લાખ હેક્ટરથી વધુ વાવેતર વિસ્તાર પૈકી ૧.૭૭ લાખ હેક્ટરથી વધુ વિસ્તાર એટલે કે , ૩૭ ટકા વિસ્તારમાં માત્ર કેરીની ખેતી કરવામાં આવી રહી છે. રાજ્યમાં કેરી માટેના આંબાનું સૌથી વધુ વાવેતર વલસાડ , નવસારી, ગીર-સોમનાથ, કચ્છ અને સુરત જિલ્લામાં થાય છે.

ગુજરાતની તલાલા ગીરની કેસર કેરી સમગ્ર વિશ્વમાં સૌથી વધુ પ્રખ્યાત છે , જેની ગુણવત્તાના કારણે કેસર કેરીને GI ટેગ પ્રાપ્ત થયો છે.

**નિકિતા શાહ, આકાશવાણી સમાચાર અમદાવાદ**

---

# FOOTBALL

ગુજરાત સ્ટેટ ફૂટબાલ અસોશિએશન દ્વારા આયોજિત અંડર 14 ગર્લ્સ ફૂટબોલ ટુર્નામેન્ટનો વડનગરમાં આરંભ થયો છે. ગઇકાલે રમાયેલી મેચમાં જામનગરની ટીમે સુરત પર 12-1થી વિજય મેળવ્યો હતો.. અન્ય મેચમાં પાટણે ગાંધીનગરને 6-0 થી હાર આપી હતી . ત્રીજી મેચમાં અમદાવાદે ભરુચને 5- 0 થી મહાત આપી હતી અને ચોથી મેચમાં વડોદરાએ બનાસકાંઠા પર 2-1થી જીત હાંસલ કરી હતી.

આ ચેમ્પિયનશીપમાં આજે સુરત અને કચ્છ , ગાંધીનગર અને રાજકોટ જ્યારે ભરુચ અને ભાવનગર તેમજ વડોદરા અને બોટાદ વચ્ચે મુકાબલો થશે.

---